### આવો જાણીએ

# ટાલીન (Tallin) એક જાણવા જેવો પ્રદેશ

ડો. જયેશ જે. શેઠ

આપણા ઘણા વાચકોએ કદાચ ટાલીન નામ સાંભળ્યું નહીં હોય ! આ ઈસ્ટોનીયા (estonia) નામના દેશમાં આવેલું મુખ્ય શહેર છે. આ દેશ-પ્રદેશ પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં રશિયાથી ખૂબ જ નજીક આવેલો છે, જે ૧૯૯૧ સુધી રશિયાના તાબામાં રહેલ. આજે તે યુરોપિયન યુનિયનના સમૂહનો એક દેશ છે કે જેની વસ્તી અમદાવાદ જેટલી છે.

ભારત દેશની માફક આ દેશે ખૂબ જ ગુલામી સહન કરી છે તેમજ યુદ્ધો પણ સહન કર્યાં છે. જર્મન લોકો ટાલીન તેમજ આજુબાજુના પ્રદેશના લોકોનો ગુલામો તરીકે ઉપયોગ કરતા. હમણાં જ સ્વીડન સાથે આ દેશની મુલાકાતે જવાનું થયું અને ત્યાંની સંસ્કૃતિની જાળવણી, લોકોનાં ખંત, મહેનત, પ્રામાણિકતા તેમજ દેશ માટેના પ્રેમનું અસ્તિત્વ જોવા મળ્યું તે ખરેખર જાણવા જેવું છે.

પ્રથમ તો અમે જગવિખ્યાત નોબેલ મ્યુઝિયમ જોયું કે જેમાં દુનિયાનું સર્વશ્રેષ્ઠ નોબેલ પ્રાઇઝ અપાય છે. તેમના સંશોધન વિશેનું આહ્‌લાદક તેમજ રોમાંચક વર્ણન આપણને ભાવવિભોર કરી નાખે. ત્યાંથી દરિયાઈ માર્ગે અમે ઈસ્ટોનીયાના ટાલીન શહેરમાં પહોંચ્યા. આ પ્રદેશને 'વર્લ્ડ હેરિટેઝ સાઈટ' (World Heritage Sight) તરીકે જાહેર કરવામાં આવેલો છે. ટાલીન શહેરને જોતાં ખરેખર આપણા દેશનાં ઘણાં ૫૦૦થી ૧૦૦૦ વર્ષ જૂનાં શહેરો અને તેમાંય અમદાવાદની પોળો તો ખાસ યાદ આવી જાય. બરાબર તેવું જ શહેર, જેને ઊંચી દીવાલથી જૂના અને નવા શહેરમાં વિભાજિત કરી શકાય. અમે ટાલીનના જૂના શહેરમાં પહોંચ્યા. ત્યાં પોળો જેવી ગલીઓ, મકાન ઉપર નળિયાં, પરંતુ અંદરથી ઘરો ખૂબ જ વિશાળ તેમ જ બધી આધુનિક સગવડ ધરાવતાં ૮૦૦થી ૧૦૦૦ વર્ષ જૂનાં આ ઘરો લાકડાની પાટો તેમજ નદીના મોટા પથ્થરોથી બનાવેલાં હતાં. પરંતુ દરેક મકાન બહાર તેમજ અંદરથી સ્વચ્છ, રંગરોગાનવાળું, તે પણ તેના જૂના બાંધકામને બદલ્યા વગર. રસ્તા ઉપર ૧૫થી ૧૬ વર્ષની છોકરીઓ આપણે જેમ મકાઈ ફોડીએ તેમ તે પ્રમાણે બદામને કોકોમાં, તેમજ મધ, તજમાં ભેળવીને વેચે. મુખ્ય કારણ ટાલીનની આર્થિક ક્ષમતા ઓછી છે તેથી લોકોને સામાન્યતઃ ૬૦૦થી ૧૦૦૦ યુરો માસિક મળે જેનાથી ત્યાંના સ્ટાન્ડર્ડ પ્રમાણે રહેવાનું-જમવાનું મોંઘું પડે. પરંતુ કોઈ જગ્યાએ ગંદકી, કચરો, તેમજ ભીખ માંગતું જોવા ન મળે, કોઈ ચૉકલેટ બનાવે, તો કોઈ માટીનાં વાસણો બનાવે તો કોઈ લીનનના કપડામાંથી બનાવેલ જાતજાતનાં વસ્ત્રો, ઘર સુશોભનની વસ્તુઓ વેચે. દર બીજી દુકાન હૉટેલ અથવા આવી હાથબનાવટની ચીજોની જોવા મળે. હૉટેલ મુખ્યત્વે જૂનાં ઘર હોય તેને Heritageમાં એટલી સરસ રૂપાંતરિત કરી હોય છે કે આપણે ન જમવું હોય તો પણ ત્યાં બેસવાનું મન થાય. જમવાનું પણ અહીં યુરોપના બીજા દેશો કરતાં સસ્તું. દરેક જણ હસતું જ જોવા મળે. ગરીબાઈ છતાં તમને કોઈ ચહેરામોરા કે વહેવાર કે વર્તણૂકથી ગરીબ ન